ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૧ ટકા

# કહો પૂનમના ચાંદને....આજ ઊગે આથમણી ઓર...

## શરદ પૂનમમાં દૂધપૌંઆ અને ખીર ખાવાનું અનેરું મહત્વ

ગાંધીનગર, તા.૧૯

નવરાત્રિના નવ દિવસ અને દશેરાની શ્રધ્ધાભેર ઉજવણી બાદ શરદપૂનમની પણ ઠેર ઠેર ઉજવણી થશે. આજે શરદ પૂર્ણિમા જેને કોજાગરી પૂર્ણિમા કહે છે. વર્ષમાં દરેક માસે પૂનમ આવે છે પરંતુ શરદપૂનમની રાત્રિનું સૌંદર્ય કંઈક અલગ જ હોય છે. શરદ પૂર્ણિમાને આખા વર્ષ દરમિયાનની તમામ પૂર્ણિમા કરતા વિશેષ માનવામાં આવે છે. શરદપૂનમને ઘણા રાસ પૂનમ પણ કહેછે. શરદપૂનમે પ્રભુએ વાંસળીના સૂર છેડયા હતા. ઠાકોરજીની વેણું આજે પણ ભગવદીયોને વૃંદાવનમાં સંભળાય છે. આજે અનેક જગ્યાઓએ શરદોત્સવ મનાવવામાં આવે છે. જેમાં ચોખાના પૌંવા, સાકરને દૂધ સાથે આરોગવાનો રીવાજ છે. તેમજ ચંદ્રના અજવાળામાં મોડી રાત સુધી રાસ લેવામાં આવે છે.

શરદપૂનમના દિવસે ચંદ્ર પૃથ્વીથી વધુ નજીક હોવાના કારણે ચંદ્ર સૌથી મોટો દેખાય છે. શરદ પૂર્ણિમા પર ચંદ્રનો પ્રકાશ રાત્રે ચારેય દિશામાં અજવાળું કરે છે.

શરદપૂર્ણિમાએ ખીરને ચંદ્રમાના પ્રકાશમાં રાખવામાં આવે છે. શરદપૂનમ પર ચંદ્રમા પોતાની સંપૂર્ણકળાઓ અને તેજ સાથે ખીલે છે. પૌરાણિક માન્યતાઓ છે કે આ દિવસે ચંદ્રમાના કિરણોમાં અમૃત હોય છે. ઔષધિઓ ચંદ્રના પ્રકાશ દ્વારા અમૃતને શોષી લે છે. આ દિવસે દેવી લક્ષ્મીની આરાધનાની સાથે ખીરનો પ્રસાદ પણ ચાંદી કે અન્ય ધાતુના વાસણોમાં આખી રાત ચંદ્રના પ્રકાશમાં ખુલ્લો રાખવામાં આવે છે. જેથી ચંદ્રનો પ્રકાશ તે ખીર પર પડે. આ ખીરના પ્રસાદમાં તુલસીના પાન પણ ઉમેરવામાં આવે છે. એવી માન્યતા છે કે ચાંદીના વાસણમાં આખી રાત ચંદ્રમાની રોશનીમાં ખીર રાખવાથી તેમાં ઔષધિય ગુણો આવી જાય છે. આ ખીરને ખાવાથી રોગ પ્રતિકારક શકિત વધે છે. સ્વસ્થ્ય રહેવાય છે અનેક પ્રકારની બિમારીઓથી રાહત મળે છે. ખાસ કરીને માનસિક રોગોમાં કારણકે જયોતિષ પ્રમાણે ચંદ્ર મનનો કારક છે. આ ખીર દમના રોગીને ખવડાવવામાં આવે તો તેને આરામ મળે છે. આ ખીરથી રોગીને શ્વાસ અને કફના કારણે થનારી તકલીફોમાં રાહત મળે છે અને ઝડપથી સ્વાસ્થ્ય લાભ થાય છે.

આ દિવસે ચામડીના રોગો અને આંખની સમસ્યાઓથી પીડાતા દર્દીઓને ચંદ્રના પ્રકાશથી લાભ મળે છે. આ દિવસે તંદુરસ્ત વ્યકિત પણ ચંદ્રના પ્રકાશમાં બેસે અને ખીર ખાવાથી પોતાની રોગપ્રતિકારક શકિત અને આંખોની રોશની વધારી શકે છે.

### શરદપૂનમે દૂધપૌંઆ કેમ ખાવામાં આવે છે?

શરદપૂનમે દૂધપૌંઆ ખાવાનો રિવાજ છે. વરસાદની વિદાય શરદનું આગમન એક



અનુસંધાન છે. આયુર્વેદના શાસ્ત્ર મુજબ શરીરમાં જે પિત્તનો પ્રકોપ થયો હોય છે આ દૂધપૌંઆ ખાવાથી નાશ પામે છે. દૂધ પિત્તનું દુશ્મન છે. ચંદ્રના કિરણો દૂધપૌંઆમાં ભળવાથી દમના દર્દીને ફાયદો કરે છે. સ્વાસ્થ્ય સારું રહે છે. દૂધપૌંઆ ખાવાથી રોગપ્રતિકારક શકિત વધે છે. આની પાછળ વૈજ્ઞાનિક તર્ક એ છે કે દૂધમાં લેકિટક એસિડ હોય છે. જે ચંદ્રના કિરણોમાંથી જંતુનાશક શકિત મેળવે છે. ચોખાના સ્ટાર્ચના ઉમેરાથી આ પ્રક્રિયાને વધુ વેગ મળે છે.

### શરદપૂનમમાં ખડી સાકરનું મહત્વ...!

શરદપૂનમની રાત્રે જો ખડી સાકરને અગાશીમાં મૂકી દઈએ તો આખી રાત ચંદ્રની સોળે કળાઓ આવી ખડી સાકરમાં પ્રવેશે છે. શરદપૂનમની રાત્રિએ ચંદ્રની અંદરથી એવા ખાસ કિરણો નીકળે છે જે આપણા શરીરને આરોગ્ય અને મનને પરમ શાંતિ આપે છે. ખડી સાકરની અંદર ચંદ્રની એવી અસર પ્રવેશે છે. સવાર સુધી આ ખડી સાકર અગાશીમાં રાખો એટલે ચંદ્રના શીકળ કિરણોની પિત્તશામક અસર તેની અંદર આવી જશે. સવારે આ ખડીસાકરનાં થોડા નાના ટુકડા કરીને કાચની બરણીમાં ભરીને મુકી રાખવાથી જયારે એસિડિટી થાય, પેટમાં દુઃખે, માથું દુઃખે ત્યારે આ ખડીસાકર ચૂસવાથી ખૂબ ઝડપથી એસિડ શાંત થશે. પિત્ત પેટમાંથી ઉપર ચડીને માથું દુઃખાડે છે આવા સમયે આ ખડીસાકર ચૂસવાથી પિત્ત શાંત થશે સરવાળે માથું દુઃખતું મટશે. આવી રહેલાં નવા વર્ષે આપણા ઘરે કોઈ મહેમાન આવે ત્યારે તેમનું મોં નકલી દૂધના પેંડા, કાજુકતરી કે બરફીથી કરાવવાને બદલે આવી ખડી સાકરથી કરાવશો તો એ વ્યકિતને પણ લાભ થશે.

## ગાંધીનગર સિવિલની મુલાકાતે અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ

ગાંધીનગર, તા.૧૯

રાજયના આરોગ્ય



વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ દ્વારા ગાંધીનગર સિવિલની મુકાલાત લેવામાં આવી હતી. હોસ્પિટલના વિવિધ વિભાગમાં ફરીને જોતા તેઓએ પીઆઈયુ વિભાગના કામ પ્રત્યે અણગમો વ્યકત કરીને જરુરી સુચનાઓ આપી હતી. તે ઉપરાંત પીએમજેવાય યોજનાનો સૌથી વધુ દર્દીઓ તેમજ નાગરીકો લાભ લઈ શકે તે માટે ઓપીડી ખાતે કાઉન્ટ શરુ કરવા માટે સુચન કર્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવીન હોવા છતા જર્જરીત હાલત થઈ ગઈ છે. સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડીંગ પીઆઈયુ વિભાગના ભષ્ટ્રાચારનો ભોગ બની હોય તેમ લાગી રહ્યું છે. વિવિધ વોર્ડમાં પાણી ટપકે છે, બ્લોક ઉખડી ગયા છે તો બીજીતરફ લીફટમાં પાણી કયાંથી આવે છે તે હજુ સુધી કોઈ શોધ શક્યું નથી. નવી બિલ્ડીંગમાં રોજ નિતનવી સમસ્યાઓ સામે આવી રહી છે. ત્યારે આજે રાજયના આરોગ્ય વિભાગ અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ દ્વારા સિવિલની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત પ્રસંગે જીએમઈઆરએસના સીઈઓ ડો. બિપિન નાયક, આસીસટન્ટ સીઈઓ ડો.જીગ્નેશ ચૌહાણ, મેડીકલ કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા, સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિ લાખાણી, ડે.આરએમઓ ડો.કલ્પેશ જશપરા સહિતનો સ્ટાફ ખડેપગે હાજર રહ્યો હતો. અધિક મુખ્ય સચિવ દ્વારા સિવિલના ઓપીડી વિભાગ, પીએમજેવાય અને વેકસીન સેન્ટરની મુલાકાત લીધી હતી. જયારે પીએમજેવાય કાઉન્ટર ઓપીડી પાસે શરુ કરવા માટે સુચન કર્યું હતું. જેથી સૌથી વધુ દર્દીઓ તેમજ નાગરીકો આ યોજનાનો લાભ લઈ શકે. તે ઉપરાંત વેકસીન સેન્ટરની મુલાકાત લઈને ઝીણવટભરી માહિતી મેળવી હતી. જયારે સિવિલમાં ટપકી રહેવા પાણી અને ઉખડી ગયેલા બ્લોકને લઈ તેઓએ પીઆઈયુ વિભાગ પ્રત્યે અણગમો વ્યકત કર્યો હતો. જયારે સિવિલમાં સફાઈ મુદ્દે પણ ટકોર કરી હતી. આ રાઉન્ડ દરમિયાન સેનેટરી ઈન્સ્પેકટર, સિક્યુરીટી અને એજન્સીના સુપરવાઈઝર પણ હાજર રહ્યા હતા.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જીઈબી સેવા વસ્તીમાં ૧૧૦ બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો. બાળકોને નાસ્તાના પેકેટ તથા બિસ્કીટ પેકેટ આપવામાં આવ્યા હતા. આ સેવાકાર્યમાં મિલિંદભાઈ, પારૂલ જાદવ તથા સેવાવસ્તીના દાનાભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને આ નાસ્તો મહેતાભાઈ તરફથી પ્રાપ્ત થયો હતો.

## શુક્રવારથી સે-૧૨માં રાજપૂત ભવન ખાતે 'હેપ્પી જીવન યોગ સેમિનાર'નું આયોજન

ગાંધીનગર, તા.૧૯

હેપ્પી યુથ ક્લબ અને શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૨મી ઓક્ટોબર શુક્રવારથી તા. ૩૧મી ઓક્ટોબર સોમવાર સુધી દરરોજ સવારે ૬.૦૦થી ૭.૩૦ કલાક દરમ્યાન સેક્ટર-૧૨માં શ્રી રાજપૂત સમાજ ભવન ખાતે વિના મૂલ્યે 'હેપ્પી જીવન યોગ સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ સેમિનારમાં ગાંધીનગરના યોગસેવક વિરમભાઇ આર્ય વિના મૂલ્યે યોગ-પ્રાણાયામ નિદર્શનની સેવા પૂરી પાડશે. 'હેપ્પી જીવન યોગ સેમિનાર'માં ૧૫ વર્ષ થી ૬૦ વર્ષની વય મર્યાદા ધરાવતા યોગાર્થીઓને નિયત મર્યાદિત સંખ્યામાં વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરીને જ પ્રવેશ આપવામાં આવશે.

'હેપ્પી જીવન યોગ સેમિનાર' દરમ્યાન યોગ-પ્રાણાયામ ઉપરાંત હોમિયોપેથી-આયુર્વેદ જેવા ઉપયોગી વિષયો પર વિવિધ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવશે. આ 'જીવન યોગ સેમિનાર'માં ભાગ લેનારને પૂરતી યોગ્ય સુવિધા પૂરી પાડી શકાય તે માટે પોતાના નામની મોબાઈલ નંબર ૯૪૨૭૬૩૪૮૫૭પર પોતાનનું નામ-વય-વિસ્તાર લખી મેસેજ કરી નોંધણી કરાવવી જરૂરી છે. નાગરિકોની સામુહિક રોગપ્રતિકારક શક્તિ વધે તે હેતુ કરવામાં આવેલા આયોજનમાં યોગાર્થીઓએ ફરજિયાત કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવા સાથે સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું રહેશે અને યોગ-પ્રાણાયામ માટે પોતાનું સ્થાન લેતા પહેલા અને યોગ-પ્રાણાયામ પત્યા પછી ફરજિયાત માસ્ક પહેરેલું રખવાનું રહેશે તેમજ દરેક યોગાર્થીએ પોતાનું પાથરણું સાથે લઈ આવવા અને સોશિયલ ડિસ્ટન્સ સાથે પહેલા દિવસે નિયત થયેલ પોતાની જગ્યા પર જ બાકીના તમામ દિવસો દરમ્યાન સમયસર આવી સ્થાન મેળવવાનું રહેશે તેવું આયોજકોએ જણાવ્યું છે.

## બીસીએ કોલેજમાં 'યુ કેન વીન' વેબિનાર સિરીઝ યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

બીસીએ કોલેજમાં વિદ્યાર્થીઓ માટે મોટીવેશનલ વેબીનાર સિરીઝનું આયોજન કર્યું હતું. યુ કેન વીન વિષય અંતર્ગત કુલ ૩ વેબિનારનું આયોજન કરાયું છે. જેમાં પ્રથમ વેબિનાર ધ પાવર ઓફ હેબિટમાં વકતા તરીકે જૈમિની કુલકર્ણીએ સેવા આપી હતી. સાત ટેવો કે જેનાથી માનવીનું જીવન સંપૂર્ણ બદલાઈ શકે છે તેની વિસ્તૃત છણાવટ કરી હતી. તેઓએ વિદ્યાર્થીઓને ૨૧ દિવસની લાઈફ ચેંજીંગ હેબિટની ચેલેન્જ આપી હતી જેને વિદ્યાર્થીઓએ સહર્ષ સ્વીકારી હતી. આ વેબીનાર સિરીઝનું આયોજન કોલેજના ડાયરેકટર રૂપેશ વ્યાસના માર્ગદર્શનથી થયું હતું. જેમાં સેમ-૧ના ૫૨૪ કરતા વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

## આર. એન. પટેલ શાળાની ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓની રાજયકક્ષાએ પસંદગી

### નિસર્ગ દ્વારા જિલ્લા કક્ષાના ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ સ્પર્ધાનું આયોજન કરાયેલ હતું

ગાંધીનગર, તા.૧૯

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લા કક્ષાના ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ સ્પર્ધાનું આયોજન કરાયેલ હતું. જેમાં શ્રીમતી.આર.એન.પટેલ પ્રાથમિક શાળાની ધોરણ આઠની વિદ્યાર્થીનીઓ ભાવસાર નમશ્રી અને ચાવડા જાનવીબાએ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓએ લુપ્ત થતી ગુજરાતી થાળી વિષય પર રિસર્ચ કરીને તેમનો પ્રોજેક્ટ જિલ્લા કક્ષાએ પ્રદર્શિત કરેલ હતો. જેમાં આ પ્રોજેકટની રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી થયેલ છે. આ વિદ્યાર્થીઓને શાળાના શિક્ષિકા નિમિષાબેન દવે એ માર્ગદર્શન આપ્યું હતું. શાળાના પ્રિન્સીપાલશ્રી એ ભાગ લીધેલ વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શિક્ષકને અભિનંદન પાઠવીને રાજયમાં સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.



ગાંધીનગરમાં ભારતીય સ્ટેટ બેંક દ્વારા સિનિયર સિટીઝન પેન્શનરો અને બેંક ખાતેદારો સાથે બેંકને લગતી સમસ્યાઓ અને મુંઝવતા પ્રશ્નો અંગે સેકટર-૧૦ ખાતે સ્ટેટ બેંકના કમિટી હોલ ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સિનિયર સિટીઝન પેન્શનરોએ મોટી સંખ્યામાં હાજર રહી બેંકને લગતી સમસ્યાઓ બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ પ્રસંગે આમંત્રિત મહેમાન તરીકે ગાધીનગર પેન્શનર્સ સમાજના પ્રમુખ એસ. ડી. આર. મલિક, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા અને ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ ખાસ આમંત્રિત મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને ચર્ચામાં ભાગ લીધો હતો.

## આજે સે-૩-સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૯

મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો આજે બપોરે ૨થી ૫ કલાક દરમિયાન સે-૩-સી શકિતચોક મંદિરમાં યોજાશે. સર્વે ભાવિક ભકતોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જેમાં વોર્ડ નં.૯ના કોર્પોરેટરોનો સન્માન કાર્યક્રમ યોજાશે.

## સ્વર્ણિમ યુનિવર્સિટીની ગૌરવ ગાથામાં વધુ એક ઉમેરો

ગાંધીનગર, તા.૧૯

સ્વર્ણિમ યુનિવર્સિટી માટે ગૌરવની બાબત છે કે સ્વર્ણિમ યુનિવર્સિટી સંલગ્ન અરિહંત આયુર્વેદિક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ માં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. સરવદે દત્તાત્રય દુર્ગાદાસને એમના થીસિસ "એ ફાયટો-ફાર્માકોગ્નોસ્ટિકલ એન્ડ બાયોલોજીકલ ઈવેલ્યુએશન ઓફ લીઆ મેક્રોફાયલા રોકસબ. એક્સ હોર્નેમ. : અ સોર્સ ડ્રગ ઓફ હસ્તિકર્ણપલાશ" માટે જામનગરની ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા ડૉક્ટરેટ – આયુર્વેદના દ્રવ્યગુણ સ્પેશ્યાલિટીમાં પીએચ.ડી. (આયુરવિદ્યાવરિધિ) ની ડિગ્રી આપવામાં આવી છે.

આ સિધ્ધી હાંસલ કરવામાં એમને સતત પ્રોફેસર શ્રી રવિનારાયણ આચાર્યનું માર્ગદર્શન મળ્યું છે. ડૉ. સરવદે દત્તાત્રય દુર્ગાદાસને સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી પરિવાર તરફ થી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. દેસાઈ શૈલેષ કરશનભાઈ, ઉ.વ. ૨૯, વાવોલ
- સ્વ. જાની બાબુલાલ દિનાનાથ, ઉ.વ. ૭૯, વાવોલ
- સ્વ. રાજપુત જવાહરસિંહ મિઠુસિંહ, ઉ.વ. ૬૦, સેકટર-૨૨
- સ્વ. ઠાકોર ભીખીબેન તેજાજી, ઉ.વ. ૩૬, ઉવારસદ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. દેરાસરી અરૂણકુમાર રતિકાન્ત, ઉ.વ. ૬૪, વાવોલ

# સે-૨૧માં માર્ગો પહોળા કરવા સામે વેપારીઓનો વિરોધ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક સમસ્યા માથાનો દુઃખાવો સમાન બની ગઈ છે તેથી તંત્ર દ્વારા શહેરના માર્ગો પહોળા કરવા માટેની વિચારણા ચાલી રહી છે. ઉપરાંત મંજૂરી પણ આપી દીધી છે. જેમાં ફૂટપાથને તોડીને તે જગ્યાને કવર કરીને માર્ગો પહોળા કરવામાં આવશે.

શહેરના ફૂટપાથ પર વેપારીઓ પોતાની રોજી રોટી માટે વેપાર કરતા હોય છે. જેઓને ફૂટપાથ તોડવાની ભીતીથી મુશ્કેલીઓ આવી શકે છે. નાના નાના વેપારીઓ શહેરના ફૂટપાથ પર છેલ્લા ઘણા વર્ષોથી બેસે છે અને વેપાર ચલાવે છે તેઓ પાસે દુકાનોમાં વેપાર કરવાનું બજેટ ન મળતા તેઓ દ્વારા ફૂટપાથની પસંદગી કરાઈ છે. સેકટર-૨૧માં ઘણી બધી દુકાનો છે અને તેમાં પણ નાના -મોટા તમામ વેપારીઓ પોતાનો ધંધો કરી રહ્યા છે. સેકટર-૨૧ના ફૂટપાથ પર નાના વેપારીઓ છેલ્લા ઘણા વર્ષોથી વેપાર અર્થે બેસે છે. જેમાં શાકભાજી-ફળફળાદિ ઉપરાંત નાની નાની ચીજ વસ્તુઓનું વેચાણ ચાલી રહ્યું છે. તંત્ર દ્વારા ટ્રાફિક સમસ્યાઓ દૂર કરવા માટે માર્ગો પહોળા કરવાની કામગીરી હાથ ધરવામાં આવનારી છે. જેમાં આ ફૂટપાથને તોડીને દબાણ દૂર કરવામાં આવશે. જેથી આ તમામ ધંધાર્થીઓને પોતાનું સ્થળ છોડવું પડશે તેવી ભીતી સેવાઈ રહી છે. આ તમામ વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે.

શહેરમાં સેવાઈ રહેલી ટ્રાફિક સમસ્યાનો કદાચ હલ થઈ શકે પરંતુ આ વેપારીઓને પોતાનો ધંધો કઈ જગ્યાએ કરવો તે પણ એક મોટી સમસ્યા બની ગઈ છે. વેપારીઓના કહેવા મુજબ તેઓ પરિવારની રોજીરોટી છીનવાઈ જશે તેવી ભીતીમાં છે. દરરોજ કમાઈને પોતાનું ગુજરાન ચલાવતા પરીવારો તરફ તંત્ર પોતાની કૃપા દૃષ્ટિ રાખે અને આ સમસ્યા હલ કરે તેવું સ્થાનિક વેપારીઓનું કહેવું છે. તહેવાર ટાણે માંડ માંડ ધંધો કરવાના મુડમાં જોવા મળતા વેપારીઓ આ મુશ્કેલીમાં જોવા મળી રહ્યા છે.

શહેરમાં ઠેર ઠેર કરાયેલા ગેરકાયદેસર દબાણોના કારણે મુખ્ય માર્ગો તથા આંતરિક માર્ગો પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાય છે. સે-૨૧ના માર્કેટમાં ટ્રાફિક સમસ્યાઓ ઓછી કરવા માટે પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. છતાં તંત્ર દ્વારા નાના વેપારીઓને હેરાન ગતિ થાય તેવા નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. અમુક જગ્યાએ ફૂટપાથ ઉપર ઉભા રહેવાનું ભાડું ઉઘરાવાનો વેપલો પણ બેફામ ચાલી રહ્યો છે. છતાં પણ તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

નાના વેપારીઓને યોગ્ય રીતે જગ્યા ફાળવવામાં આવે જેથી દબાણોની સમસ્યાઓ આ નાના વેપારીને વેઠવી ન પડે. તહેવાર ટાણે દબાણો આવતા તેમની રોજીરોટી છીનવીને ગરીબ પરિવારોને મુશ્કેલીમાં ન મુકવા જોઈએ. બે વર્ષથી કોરોના મહામારીમાં નાના વેપારીઓના ધંધા રોજગાર બંધ રહેતા તેઓ મુશ્કેલીમાંથી માંડ બહાર આવ્યા છે અને આ વર્ષે તહેવારોમાં તેમનો ધંધો સારી રીતે ચાલે તેવી અપેક્ષા કરતા તમામ વેપારીએ તંત્રને અપીલ કરી છે કે તેમની સમસ્યાનું નિરાકરણ જેમ બને તેમ ઝડપથી કરી આપે.

## જન્મદિને વધામણી




રાહુલભાઈ મહેતા



પ્રફુલ્લા ભાવસાર
મો. ૯૯૨૪૨ ૧૩૫૨૪




કુશ ઉદેચા
મો. ૮૦૦૦૯ ૧૧૨૫૧



દેવ પટેલ
મો. ૭૦૧૬૧ ૮૪૯૨૭



ગંભીરસિંહ ડોડિયા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



ભાવનાબેન એન મોદી
મો. ૯૯૨૫૦ ૬૪૭૨૭




ભાગ્ય સુહાગ વોરા



ધ્રુવિબા ખુમાનસિંહ ગોહિલ
મો. ૯૮૨૪૫ ૦૧૩૦૦



વેદાન્તસિંહ બિહોલા
મો. ૯૬૨૪૧ ૯૯૦૮૯



સાન્વી હાર્દિકભાઈ રાઠોડ